# ચાલીસ સવાલ

લેખક
અલ્લામા નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ

અનુવાદક
અકબર હબીબ રાજન

ખાનાએ હિકમત/ઈદારા-એ-'આરિફ'



ᶜALLĀMAH
NAṢĪR AL-DĪN "NAṢĪR" HUNZĀ'I

# ચાલીસ સવાલ

લેખક

અલ્લામા નસીરુદ્દીન 'નસીર' હુંઝાઈ

અનુવાદક

અકબર હબીબ રાજન

પ્રકાશક

ખાનાએ હિકમત/ઈદારા-એ-'આરિફ'

ISW LS Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

બિસ્મિલ્લાહિર રહ્‌માનિર રહીમ

# ચાલીસ સવાલ

૨૮ જૂન, ૧૯૮૩ના દિવસે કરાચીમાં એક ભાગ્યશાળી અને બાહોશ વિદ્યાર્થીનીએ નીચે મુજબના સવાલો તેના ખુલાસા મેળવવા–નિરાકરણના આશયથી રજૂ કરેલા. મને આશા છે કે જ્ઞાન ધરાવનારા–વિદ્વાનો–આ વિદ્યાર્થીનીમાં મઝહબને સમજવાના શોખ અને તેણીની વિદ્વતાની કદર કરશે..

–નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઇ

**સવાલ ૧ :** હજરે અસ્વદ (કાળો પથ્થર) શું છે ? તે ક્યાંથી આવ્યો; અને તેમાં શું હિકમત છે ?

**જવાબ :** હજરે અસ્વદ ખાનાએ ખુદા (ખાનાએ કા'બા)ની દીવાલોમાં એક અત્યંત ઉમદા–પવિત્ર પથ્થર છે, જે રૂહાનીયત તરીકે હઝરત જિબ્રઈલ લાવ્યા છે. તેમાં એ તાવીલી હિકમત સમાયેલી છે કે તેની ઉપમા અક્લના મોતી (ગૌહરે અક્લ) સમાન છે, જેના ઉપર જઈને રૂહાની હજ સંપૂર્ણ થઇ જાય છે. કહેવામાં આવે છે કે હજરે અસ્વદ હકીકતમાં જન્નતમાં હજરે અબીઝ (સફેદ પથ્થર) હતો, પરંતુ આ દુનિયામાં આવ્યા પછી આ પવિત્ર પથ્થર કાળો થઇ ગયો. આ બાબતનો ઇશારો એ રીતે છે કે હજરે અસ્વદ જે અક્લના મોતીની ઉપમા છે તે, અર્થાત તે અક્લનું મોતી સફેદ છે. યાદ રહે કે ઉચ્ચ જગત અથવા બહેશ્ત (જન્નત)થી કોઇ વસ્તુનું આ જગતમાં આવવું, તેનો એ મતલબ કદાપિ નથી કે તે ભૌતિક અને શારીરિક સ્વરૂપમાં જ (જે સ્વરૂપમાં આપણે જોઇએ છીએ તેમાં) ત્યાંથી અહીં આવે છે. પરંતુ હકીકત એ છે કે દરેક વસ્તુ રૂહાનીયતની દુનિયામાં (બહેશ્તમાં) હલકા, સૂક્ષ્મ રૂહાનીના સ્વરૂપમાં હંમેશા હંમેશાને માટે મૌજૂદ છે; અને તે વસ્તુનું આ ભૌતિક જગતમાં આવવું અથવા જાહેર થવું તેનો અર્થ એ છે કે તેનું અહીં એક શારીરિક અને બીજું (એક પછીનું બીજું) વજૂદ અર્થાત અસ્તિત્વ બની જાય છે.

એ મુજબ આ અક્લનું મોતી અથવા હજરે અબીઝ, ખાનાએ કા'બાના ચણતર સંબંધે—ખાનાએ કા'બાના બનવાના કારણે અહીં એ રીતે આવ્યો કે તે ખાનાએ રૂહાનીયતના ચણતરમાં––તે રૂહાનીયતના ઘરની રચનામાં––ઉચ્ચ સ્થાન ઉપર કાયમ જ રહ્યો. પરંતુ અહીં બયતુલ્લાહે જાહેર એટલે કે જાહેરી સ્વરૂપે દેખાતા ખાનાએ ખુદામાં એક કાળા પથ્થર રૂપે આ જાહેરી જગતમાં આવવામાં તેને સરખાવવામાં આવ્યો છે. બીજા શબ્દોમાં કહીએ તો તે સફેદ પથ્થરના દુનિયામાં આવવાની બાબતનું જાહેરી સ્વરૂપ આ કાળો પથ્થર છે.

**સવાલ ૨ :** "ઈબ્રાહીમ (અ.સ.) તમોએ સ્વપ્ન સાચું કરી બતાવ્યું. અમોએ એક મહાન બલીદાન (તેના બદલામાં) નક્કી કરેલ છે, જે પાછળ (પછીથી) આવશે." આનો શું હેતુ છે ?

**જવાબ :** આ શબ્દોમાં કુરાન શરીફની સુરહ ૩૭ની આયત ૧૦૪ થી ૧૦૮ને સામે રાખતાં સુધારો કરવાની જરૂર છે, તેમ છતાં એની વાજબી ધારણા–સમજ પ્રમાણે જવાબ આ મુજબ છે કે અંબિયા અને ઈમામો અલૈહિમુસ્સલામ ઉપર જે જે રૂહાનીયતના મહાન બનાવો વિતે છે તે એકંદરે જોતાં એક જેવા હોય છે. કેમકે સઘળા રૂહાની મોજીઝાઓ સિરાતે મુસ્તકીમ પર રહેલા છે; અને દરેકને એ જ રસ્તા ઉપર ચાલવું છે, પણ તે બનાવો અને મોજીઝાઓનાં સ્વરૂપો––તેની

ઉપમાઓ--અલગ અલગ છે, જેથી તે જ પ્રમાણે લોકોની કસોટી લેવામાં આવે, જે મુજબ હઝરત ઈસ્માઈલનું શારીરિક બલીદાન એક (મિસાલ) ઉપમા હતું; અને તેનું મૂળ રૂહાની બલીદાન છે. આપની શારીરિક કુરબાની મર્યાદિત હતી અને રૂહાની કુરબાની વિશાળ અને મહાન. માટે શારીરિક બલીદાનનો બદલો રૂહાની બલીદાન તરીકે લેખવામાં આવ્યો, જેને તાવીલની ભાષામાં કહે છે : "અહદ લેવો" (વચન આપવું); જેથી આપ (હઝરત ઈસ્માઈલ)ના ભાઈ હઝરત ઈસ્હાકને પણ વચન લઈને (મરતબાએ હિજાબ) વલી અહદના દરજ્જા ઉપર બેસાડવામાં આવ્યા, જેથી હઝરત ઈસ્માઈલ (અ.સ.)નું રૂહાની બલીદાન વધારે મહાન થઈ ગયું. અહદ લેવો એક રૂહાની અને નૂરાની મોજીઝાવાળુ (અમલ) કામ છે, (જેનો વિગતવાર-સમજાણપૂર્વકનો ઉલ્લેખ બીજે ક્યાંક શક્ય છે, અહીં શક્ય નથી). જો કોઈ સમયમાં હાજર ઈમામ--કાયમ થયેલ ઈમામ સિવાય આવનાર ઈમામ--વલી અહદ કે જેના ઈમામ થવા બાબત જાહેરાત થઈ ચૂકી હોય, તો એવા વખતમાં તે વલી અહદ, હાજર ઈમામના તરફથી પરદા પાછળ રહીને કામ કરનાર 'સતરે હિજાબ' (છૂપાયેલા હાથ સમાન) હોય છે. (કુરાનમાં હિજાબની કલ્પનાને તપાસો ૪૨/૫૧માં).

**સવાલ ૩ :** ખુદાવંદ તઆલાના સો (૧૦૦) નામો છે. જ્યારે કે નવ્વાણું નામોનું જ્ઞાન છે–તે વિષે જાણકારી છે; અને

એક નામ વિષે જ્ઞાન નથી–ખબર નથી. શું તે જ એક નામ "ઈસ્મે આઝમ" છે કે પછી દરેક નામો ઈસ્મે આઝમનો દરજ્જો ધરાવે છે ? શું ઈસ્મે આઝમને છૂપો રાખવો–ગુપ્ત રાખવો–જરૂરી છે ?

**જવાબ :** અલ્લાહ તઆલાના શાબ્દિક–શબ્દોમાં સમાયેલાં અને જાહેરી અથવા સાંભળી શકાતાં નામો જેટલાં પણ છે તે સઘળાં જાહેરી છે, તેમાંથી કોઇ એક પણ ગુપ્ત નથી, માટે જો એમ માની લેવામાં આવે કે ઈસ્મે આઝમ આ નામોમાંથી છે, તો પછી એ કહેવું પડશે કે આ સઘળાં જાહેરી નામોમાં એ ઓળખ નથી થઇ શકતી કે ક્યું નામ ઈસ્મે આઝમ છે. આ વાત જાહેરી રીતે છે, પણ હવે અકલી જવાબ સાંભળી લ્યો. ઈસ્મે આઝમ પોતપોતાના સમયમાં અંબિયા અને ઈમામો અલૈહિમુસ્સલામ હોતા હોય છે. માટે ઝમાનાનો ઈમામ મહાન અને સર્વસ્વ ખુદાવંદનું મહાનતમ નામ હોય છે અને તે જ મોમીનોની ખાસ ઈબાદતના માટે ઈલાહી નામોમાંથી કોઇ નામને ચૂંટે છે–પસંદ કરે છે. હા, ઈસ્મે આઝમ અને તેના ભેદોને ગુપ્ત રાખવું જરૂરી છે. કેમકે ખુદાના બતાવેલા તરીકાથી એ સાબિતી મળે છે કે ઈસ્મે આઝમને સખત રીતે–ગંભીરતાથી ગુપ્ત–છૂપો રાખવો જોઇએ કે જેથી તેનો સંબંધ તેની ખાસિયતોની સાથે (જે તેનું રટણં કરે છે તેની સાથે) રહે; અને કુરાનમાં એમ પણ ફરમાવેલું છે કે, "જે

લોકો ખુદાનાં મહાન નામોને નથી સમજતા તેમને તેઓના હાલ ઉપર છોડી દેવામાં આવે." (૮/૧૮૦)

**સવાલ ૪ :** કહફના અસહાબ (ગુફાવાળાઓ) વિષે જણાવો; અને તેની તાવીલ (ઊંડી સમજણ) શું છે ?

**જવાબ :** આ વાતના જાહેરી પાસાને જાણવા માટે તો કુરાનના કિસ્સા વાંચી લેજો. અમો તમોને ફક્ત તેના બાતીની પાસા વિષે કંઈક વાતો જણાવીશું. તે એ કે અસહાબે કહફનો અર્થ છે અસહાબે રૂહાનીયત–રૂહાનીયત વાળાઓ–કેમકે રૂહાનીયતની ઘણીબધી ઉપમાઓમાંથી એક ઉપમા (કહફ) ગુફાની છે. અર્થાત જે રીતે જરૂરતના સમયે લોકો કોઈ ગુફામાં આશરો લેતા હોય છે, તે જ રીતે દીનના દુશ્મનો દ્વારા સંતાપ પામેલા (સતાવાયેલા) મોમીનો રૂહાનીયતની ગુફામાં જઈને પોતાની જાતને રક્ષિત–મહેફૂઝ–કરી લ્યે છે. તમો આ બારામાં અસહાબે કહફના વિષય ઉપર અમારા લખેલ લેખને વાંચી જુઓ.

**સવાલ ૫ :** અક્લે કુલ્લ અને નફ્સે કુલ્લ (સર્વસ્વ જાણનાર અને સર્વવ્યાપક)માં શું તફાવત છે ? ઈમામના માર્ગદર્શન સંબંધે એ કેટલા મદદરૂપ થાય છે ?

**જવાબ :** આ બંને મહાન ફરિશ્તાઓમાં જે કાંઈ તફાવત છે તે અર્શ અને કુરસી–આદમ અને હવ્વા, કલમ અને લોહ; અને પયગમ્બર તથા ઈમામ સમાન છે; અને કારણ કે આ

બંને બાબતો રૂહાની છે માટે રૂહાની રીતે તે મોમીનોની આડકતરી મદદ કરતા રહે છે.

**સવાલ ૬ :** ઝૈતૂનના બરક્તવંતા વૃક્ષ અને તેલની તાવીલ શું છે ?

**જવાબ :** આ બાબતની ઘણી તાવીલ છે, જેનો હેતુ એકજ છે; અને તેમાંથી એક, સમજવામાં સરળ તાવીલ એ છે કે (ઇમામ અ.સ.) હાદીએ બરહક્નું પવિત્ર વ્યક્તિત્વ ઝૈતૂનનું બરક્તવંતુ વૃક્ષ છે; અને તેની આશિષો-બરક્તોનો અર્થ એ અસંખ્ય ફાયદાઓ છે, જે મોમીનો સિવાય અન્ય સઘળા માનવીઓને પણ પ્રાપ્ત થાય છે; અને તેલનો અર્થ છે તેમની (ઇમામ અ.સ.ની) પવિત્ર રૂહ, કે જેનાથી તેમની સર્વવ્યાપક અક્લ (દિવ્યજ્ઞાન)નો (પ્રકાશ બની જાય છે) દીવો બળી ઊઠે છે. ઝીણા-પાતળા વ્યક્તિત્વનું આ વૃક્ષ ન તો પૂર્વીય છે કે ન પશ્ચિમનું. અર્થાત તેનો ન કોઇ આરંભ છે અને ન તો કોઇ અંત, બલ્કે તે તો હંમેશાં હંમેશાં-અનંત કાળથી ચાલ્યું આવે છે.

**સવાલ ૭ :** અલ્લાહ પાક્નું ફરમાન છે : "ખરેખર ચોક્કસ જ અમોએ તમારી રચના કરી (તમોને પૈદા કીધા) પછી તમારો ચહેરો બનાવ્યો, પછી અમોએ ફરિશ્તાઓને હુકમ કર્યો કે આદમને સિજદો કરો." (૭/૧૧) આયતના તરજુમાની સમજણ શું છે ?

**જવાબ :** આની સમજણ એ છે કે ખુદાવંદ તઆલાએ માટીના આ જગતમાં સર્વપ્રથમ ઈન્સાનોને જીસ્માની રજકણોમાં પૈદા કર્યા. પછી તેમની રૂહાની આકૃતિઓ-સૂરતો બનાવવામાં આવી. ત્યાર પછી સઘળા ફરિશ્તાઓને હુકમ દેવામાં આવ્યો કે તેઓ આદમને સિજદો કરે. આ કલ્પનાથી ઉત્પત્તિના ભેદનો એક ક્રાંતિમય-પરિવર્તન કરનાર દરવાજો ખુલી જાય છે. આ વિષયમાં તમો "રૂહ શું છે ?" એ પુસ્તક વાંચી જાઓ.

**સવાલ ૮ :** તસ્બીહો વિગેરેને એકી નંબરના સ્વરૂપમાં શા માટે પઢવામાં આવે છે ?

**જવાબ :** કારણ કે ખુદાવંદ તઆલા એક અને અપૂર્વ-અનોખો છે, તેની કોઈ જોડી નથી, તે અજોડ છે.

**સવાલ ૯ :** તમોએ હઝરત રસૂલ (સ.અ.સ.)ની એક હદીસને રજૂ કરતાં ફરમાવેલું કે, "ઈસ્લામનો આરંભ એક અજાણી વ્યક્તિની જેમ (ગરીબની જેમ) થયો; અને પછી ભવિષ્યમાં પણ તે અજાણ થઈ જશે." તેનો અર્થ શું છે ? ગરીબ અને અજાણ્યા ક્યા અર્થમાં છે ?

**જવાબ :** અલ્લાહ તઆલાનો કોઈ પયગમ્બર જ્યારે પણ સાચા દીનની સાથે જગતમાં પધાર્યો, તો તેને નકારનારાઓ-તેનો અસ્વીકાર કરનારાઓની દૃષ્ટિમાં ન ફક્ત તે પયગમ્બર પરંતુ તે દીન પણ ગરીબ અર્થાત અજાણ્યો લાગ્યો.

કેમકે જે લોકો સાચા હાદીથી હટી ગયા છે–દૂર થઇ ગયા છે, તેઓ સમજે છે કે ખરો દીન એ જ છે કે જેના ઉપર તેઓ અડગ થઈને જેને વળગી રહ્યા છે. અસલમાં ખુદાનો દીન–મઝહબ ખુદાના ખલીફાની સાથે હોય છે. માટે અજ્ઞાનોની દૃષ્ટિમાં ઈસ્લામની સ્થિતિ અજાણ્યા જેવી થઇ જવી એ કોઇ ખાસ એક વખત–સમયના માટે નથી, પણ તે સઘળા જમાનાઓના માટે છે. એનો અર્થ એ છે કે ઈમામને ન ઓળખવો એટલે ઈસ્લામને અજાણ સમજવો, કેમકે હક–સચ્ચાઇ ઈમામની સાથે છે.

**સવાલ ૧૦ :** કુરાનમાં હઝરત યુસુફ (અ.સ.) અને બીબી ઝુલેખાની જે વાર્તાનો ઉલ્લેખ છે (તેનું ગુપ્ત રહસ્ય) તેની પશ્ચાદભૂમિકા શું છે ? શું બીબી ઝુલેખાનું નામ કુરાનમાં મૌજૂદ નથી ? શા માટે ?

**જવાબ :** કુરાનમાં આવેલ હઝરત યુસુફની વાર્તામાં તાવીલ (એક નૂરાની ખજાના)ની એક દુનિયા છુપાયેલી છે, જેના લંબાણ ઉલ્લેખ–જેની સમજાણ આપવા માટેની બાબતોના સમાવેશ કરવાની જગા આ પાનાઓથી પર છે. તે માટે આ પુસ્તકનાં પાનાં અપૂરતાં છે, કેમકે હઝરત યુસુફ (અ.સ.) પોતે દરેક પ્રકારની તાવીલનો વિષય છે. એ મુજબ આ હિકમતથી ભરપૂર વાર્તામાં મૌજૂદ (સ્થપાયેલા) ઈમામ અને નીમવામાં આવેલા (વલી અહદ) ઈમામનો ઉલ્લેખ છે. રાત્રિ અને દિવસની

હુજજતોનું વાર્ણન છે. નૂરે ઈમામતનું એકથી બીજામાં બદલી થવા વિષે ઉલ્લેખ છે; અને ઝુલેખાની ઉપમાનો અર્થ એ છે કે સ્થપાયેલા (હાજર-મૌજૂદ) ઈમામની ઉચ્ચતમ હુજજત યુસૂફ અ.સ. (નીમવામાં આવેલ ઈમામ)ના હાથ નીચે રહેવા માગે છે, કારણ કે હઝરત યુસૂફને સિદ્ધાંત મુજબ દીનની સઘળી મર્યાદાઓથી આગળ જઈને ઈમામે મુસ્તકર યાને સ્થપાયેલા ઈમામ પછીના બીજા નંબરના ક્રમાંક પર પહોંચી જવું જરૂરી છે વિગેરે. હા, કુરાનમાં "ઝુલેખા" શબ્દ મૌજૂદ નથી.

**સવાલ ૧૧ :** આપણા હાલના ઈમામ-હાઝર ઈમામ શાહ કરીમ (અ.સ.) કે જેઓ ૪૯મા ઈમામ છે, તેમની ઈમામત ક્યા પ્રકારે ઘણી મહત્ત્વતા ધરાવે છે. જોકે સઘળા પવિત્ર ઈમામોનો મસ્તબો તો એકસમાન હોતો હોય છે ?

**જવાબ :** ઈમામના મસ્તબાનાં બે પાસાં હોતાં હોય છે. બાતિની મરતબા મુજબ સઘળા હઝરત ઈમામોનો મરતબો ઉચ્ચ અને એક જેવો છે; અને જાહેરી રીતે તેઓ જુદા જુદા મરતબાના માલિક હોય છે. આનું કારણ એ ખુદાઈ (પ્રોગ્રામ) કાર્યક્રમ છે કે જે આરંભથી લઈને ક્યામત સુધી પૂરા સમય ઉપર ફેલાયેલો છે. જેના મુજબ ઈમામોને જુદા જુદા મરતબાઓ ઉપર કામ કરવું પડે છે. માટે મૌલાના હાઝર ઈમામ **શાહ** કરીમ અલ **હુસૈની** સલ્વાતુલ્લા અલૈહીએ કેટલીય

મોટી મોટી હેસિયત–સ્થિતિમાં કાર્યો કરવાનાં છે. આ સ્થિતિઓમાંની એક તો એ છે કે આપ ૭ × ૭ = ૪૯ના સ્થળ પર છે. બીજી સ્થિતિ એ છે કે આપ એટમી જમાનાના ઈમામ છે.

**સવાલ ૧૨ :** "હારૂત અને મારૂત શરૂઆતમાં બે ફરિશ્તા હતા, પરંતુ પાછળથી દુનિયાની મોહબ્બતના કારણે શૈતાન બની ગયા. જેઓ હજુ સુધી બાબલ શહેરના એક કૂવામાં કેદી છે; અને લોકો ત્યાંથી કાળો જાદૂ–કાળો ઈલ્મ–શીખે છે." આ વાત કેવી રીતે શક્ય હોઇ શકે છે ? તમે આના ઉપર પ્રકાશ નાખો.

**જવાબ :** આ તાવીલ ભરપૂર સવાલનો સંબંધ કુરાને હકીમની સુરહ ૨ ની આયત ૧૦૨થી છે; અને તે સંબંધે ખુલાસો એમ છે કે દેશ સુલેમાનીનો ઈશારો ઈમામે ઝમાન (અ.સ.)ના રૂહાની રાજ તરફ છે; અને એ જ રૂહાનીયતમાં "બાબલ" એ અસહાબે શીમાલ (ડાબી બાજુવાળાઓ)ની કસોટીનું સ્થાન છે. જ્યાં બે ફરિશ્તાઓ હર ઘડીએ સંબંધિત વ્યક્તિના દિલની સ્થિતિ ઉપર ચર્ચા કર્યા કરતા હોય છે. જેમનાં નામ કુરાન અને શરીયતમાં જુદા જુદા પ્રકારે અલગ અલગ આપેલાં છે. જેમ કે નકીર–મુનકીર, હારૂત–મારૂત વિગેરે. તેમાંથી એક ફરિશ્તો દરેક પ્રકારે–દરેક સમયે દિલના અદના–કનિષ્ટ વિચારો ઉપર ઘણી સખ્ત રીતે ટીકા કરતો રહે

છે; અને બીજો ફરિશ્તો ખૂબ જ મહેરબાની સહિત આ ટીકાને રદિયો આપતો રહે છે, પણ આ સ્થાન અસ્હાબે યમીન (જમણી બાજુવાળાઓ)નો નથી, માટે મોમીનને ન તો આનાથી દુનિયાનો ફાયદો ઉપાડવો જોઈએ; અને ન તો એ સ્થાન ઉપર રોકાવું જોઈએ. રિવાયતનો બાકીનો ભાગ કુરાનથી જુદો અને તર્કથી વિરુદ્ધ છે.

**સવાલ ૧૩ :** હઝરત ઈસા કાન દ્વારા જન્મ પામ્યા હતા, એ બાબતનો શું અર્થ છે ? શું એ ખરું છે કે તેઓ જન્મ પામવાની સાથે જ જાહેરી જીભથી બોલવા લાગી ગયા હતા ?

**જવાબ :** એ યાદ રહે કે કુરાન શરીફની સુરહ ૪ની આયત ૬૯ મુજબ ખુદા, રસૂલ અને ઈમામે ઝમાનની તાબેદારી કરનારા મોમીનો, અંબિયા, અસાસો, ઈમામો અને હુજ્જત તથા દાઈઓ જેવા હઝરત (મહાન–માનવંતાઓ)ની રૂહાની નજદીકીમાં હોતી હોય છે. એનો એ અર્થ થયો કે પ્રત્યેક હકીકી મોમીન આરંભથી લઈને મંઝિલે મકસૂદ–ધારેલા હેતુના અંત સુધી રૂહાની પંથનો ઘણી ખૂબી સહિત અનુભવ કરી શકે છે. જેની જુદી જુદી ઘણી ઉપમાઓનો પવિત્ર કુરાનમાં ઉલ્લેખ આવેલો છે. હવે ઉપર જણાવેલી આયતના પ્રકાશમાં જરા ધ્યાન આપો કે બીબી મરીયમને ઈસ્મે આઝમ આપવામાં આવ્યું, જેમાં જીવંત અને હકીકી ઈસ્મે આઝમ

તરીકે હઝરત ઈસા (અ.સ.) જ હતા. એ જ અર્થમાં હ. ઈસા (અ.સ.) એક ક્લમા સ્વરૂપે કાનના રસ્તે બીબી મરીયમમાં દાખલ થયા; અને ઘણા ટૂંકા સમયમાં પોતાની માતાના બાતિનમાં બોલવા લાગ્યા, જ્યારે કે તેઓ નબુવ્વતના નવજન્મિત બાળક હતા; અને મરીયમની વાર્તા (કિસ્સા)નો પૂરો સંબંધ બાતિની અને રૂહાની બાજુથી છે. જેથી જ્યારે કોઇ સદભાગી ઈસ્માઈલી મુરીદ (પુરુષ હો કે સ્ત્રી) ઈસ્મે આઝમના કોર્સમાં ઊંચા દરજ્જાની સફળતા મેળવે છે, તો તે પોતાની વ્યક્તિગત દુનિયામાં બીબી મરીયમની ઉપમા સ્વરૂપે બની જઈને ઈસા (અ.સ.) જેવા નૂરને જન્મ આપે છે. એ સ્થિતિમાં તે નૂર (જન્મેલ) ઉપર એ હક હોય છે કે તે પોતાની માતાની સાથે સારી વર્તણુક-સદવર્તનથી રહેવામાં જરા પણ બેદરકારી ન કરે.

**સવાલ ૧૪ :** શું પયગમ્બર પણ ખુદાઇ જલ્વાની શક્તિ-નૂરનો તાપ-સહી નથી શક્તા ? જેમ કે હઝરત મૂસાના વિષયમાં કહેવામાં આવે છે કે તેઓ નૂરના તેજ-તાપને સહી ન શકવાથી બેભાન થઈ ગયા હતા.

**જવાબ :** ખુદાઇ જલ્વાના-નૂરના તેજના ઘણા મરતબાઓ છે; અને તમારો સવાલ સૌથી મહાન અને છેવટના જલ્વા સંબંધે છે. જેની ઉપમા સૂર્યનાં કિરણો જ્યાંથી ઉત્પન્ન થાય છે, તે સ્થળ સાથે આપી શકાય છે કે

જ્યાં–સૂરજની કિરણોને સીધી રીતે–આંખોથી ઘણી વાર સુધી જોવાથી દૃષ્ટિ નકામી થઇ શકે છે, બગડી શકે છે, માટે ખુદાનો સૌથી મહાનતમ આલીશાન દીદાર ફક્ત થોડીક ક્ષણો માટે પ્રાપ્ત થઇ શકે છે. જેમાં અચંબા–મૂંઝવણની કોઇ હદ નથી હોતી; અને એ જ અચંબો–મૂંઝવણ તાવીલની ભાષામાં બેભાન અવસ્થા કહેવાય છે. આવા નૂરની ઝહૂરાતના મુબારક અવસર અને મહાન–અઝીમ દીદારનો વસીલો "જુસ્સાએ ઈબ્દા' કહેવાય છે. (અર્થાત માનવીય શરીરમાં કંઇક નવીન–અનોખું સર્જન થવું, અવર્ણનીય અનુભવ થવો) કે જે "કુન" એટલે કે "થઇ જા"નો હુકમ આપનાર શક્તિના કેન્દ્રનું જાહેરી સ્વરૂપ છે; અને પછી જ્યારે એ અવર્ણનીય અનુભવ (ઈબ્દા)ના જાહેર થવા વિષેની ઓળખ બાબત–માનસિકપણે સમજ આવી જાય છે, તો તેને "ભાનમાં આવવું" કહે છે.

**સવાલ ૧૫ :** 'દજ્જાલ' એક કાફર અને દુશ્મન છે, જેની ત્રીજી આંખ હશે. તે લોકોને સિરાતે મુસ્તકીમથી ભટકાવી દેશે–ગુમરાહ કરી દેશે; અને તે ઈમામ મહેદીના સમયમાં જાહેર થશે. તમો આ બાબત ઉપર પ્રકાશ નાખો.

**જવાબ :** આ સવાલના શબ્દો સુધારણા માગે છે. સુધારીને લખવા જરૂરી છે. બહરહાલ 'દજ્જાલ'ની તાવીલ 'વજહે દીન' નામના પુસ્તકમાં આપેલી છે. તમો 'વજહે દીન'ને વાંચી જાઓ.

**સવાલ ૧૬ :** એક રિવાયત છે કે "સીદરતુલ મુન્તહા" એવી હદ છે કે જેથી આગળ જિબ્રઇલ ફરિશ્તો નથી જઇ શક્તો. આની તાવીલ શું છે ?

**જવાબ :** દાખલા તરીકે ખુદા તઆલા મેજબાન છે અને હકીકી મોમીન મહેમાન છે અને જિબ્રઇલ એક ખાદિમ–નોકર છે; અને આ રબ્બાની મહેમાન નવાઝીનો ખાસ સબંધ તૌહીદની મારફત–એક ખુદાની ઓળખાણની ગુપ્તતા (ભેદ)ની સાથે છે, માટે જિબ્રઇલને તે દરજ્જા કે જેને આલમે જબરૂત અર્થાત સર્વશક્તિમાન પરમેશ્વરની શક્તિઓનું વર્તુળ કહે છે ત્યાં રોકાઇ જવું પડે છે; અને તે લાહુત તરફ (દિવ્ય શક્તિના જગત તરફ) આગળ નથી વધી શક્તો.

બીજો દાખલો; એક (૧) બે (૨) ત્રણ (૩) થી લઇ શકીએ છીએ કે પ્રથમ એક છે, પછી બે અને પછી ત્રણ છે. એમાં એકનો અર્થ ખુદા છે. બે વડે મોમીન બંદાનો હેતુ છે; અને અહીં ત્રણની સંખ્યા જિબ્રઇલ ફરિશ્તાના માટે છે, કેમકે તેનું મહત્વ રૂહાનીયતની મુસાફરીમાં મોમીનના પછી છે. કારણ કે તે હકીકી મોમીનના નેક આમાલના પરિણામ ઉપર જ કંઇ કાર્ય કરી શકે છે. માટે તમો જોઇ શકો છો કે બેની સંખ્યા એકની તદ્દન નજદિક છે, પણ ત્રણ દૂર છે. એ માટે જિબ્રઇલ ફરિશ્તાને, એકમાત્ર ખુદામાં માનનાર–વિશ્વાસ રાખનાર મોમીનની સાથે તૌહીદના એકાંત વાસમાં દાખલ ન

થવું જોઇએ.

ત્રીજો દાખલો આપણે લઇ શકીએ પાછા ફરવાના સિદ્ધાંત પરથી :

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯

હવે જો ધારી લેવામાં આવે કે આ સંખ્યાઓને ફના અને પાછા વળવાના (રસ્તા) મારફત અસલમાં વાસલ થઇ જવું છે, તો સિદ્ધાંત–કાયદો–એ છે કે નવ આઠમાં, આઠ સાતમાં, સાત છમાં, છ પાંચમાં અને પાંચ ચારમાં ફના થઇ જાય–સમાઇ જાય; અને એ મુજબ જ ચાર ત્રણમાં અને ત્રણ બેમાં મળી જાય; અને તે પછી છેવટમાં બે એજ એવી સંખ્યા છે કે જે માત્ર વાહીદ યાને કે એકમાં દાખલ થઇ શકે છે. એ માટે જ ફરમાન થયેલું છે કે, "તમને એક એકલા થઇને ખુદાની હુઝૂરમાં જવાનું છે." (૬/૬૪)

**સવાલ ૧૭ :** જ્યારે આપણે કહીએ છીએ કે 'અલ્લાહો અકબર' (ખુદા સૌથી મોટો છે) અથવા કહીએ છીએ કે 'સુબ્હાન અલ્લાહ' (ખુદા પવિત્ર છે), તો શું એ મોટાઇ અને પવિત્રતાની કોઇ સીમાઓ–કોઇ હદ હોય છે કે તે અસીમ–અમર્યાદ છે ?

**જવાબ :** જોકે શબ્દ અકબર, જેમ કે તે સામાન્ય જીવો, માનવીઓના વપરાશમાં આવે છે, તે સૌથી સરસ ચઢિયાતું,

એ અર્થમાં આવે છે. જેમ કે સૌથી મોટો–જ્યેષ્ઠ ભાઇ હોય તેને 'અકબર' કહેવું, પણ જ્યારે તે સર્જનહારના માટે હોય છે, ત્યારે તેમાં બરાબરી કરવા માટે (તેના સમાન વર્ણન માટે) ન તો કોઇ મામૂલી સર્જન–જીવની કલ્પના છે અને ન તો સંપૂર્ણ ખલ્કતની; પણ હા, તેમાં દીનના ઉચ્ચ દરજ્જાઓનો ઈશારો છે કે ખુદા તે દરજ્જાઓથી મોટો છે; અને તે પછી તેનો અર્થ અમર્યાદ થઇ જાય છે.

**સવાલ ૧૮ :** હઝરત મૂસા (અ.સ.)ને જે મોજીઝાઓ અર્પણ કરવામાં આવેલા તેની તાવીલ શું છે ?

**જવાબ :** મૂસા (અ.સ.)ની લાકડી (અસા) (૨/૬૦)ની તાવીલ અમલી ઈસ્મે આઝમ અને તેના અસંખ્ય ચમત્કારો (મોજીઝાઓ), માનવંત પૂજ્ય પથ્થરમાંથી પાણીનાં બાર (૧૨) ઝરણાઓનું વહેતું થવું (૨/૬૦), હઝરત મૂસા (અ.સ.)ની રૂહાનીયતથી બાર (૧૨) હુજ્જતોનું ઈલ્મી અસ્તિત્વ અને તેના બાર દરજ્જાઓની કેળવાણી ગાયની કુરબાની કરીને મુર્દાને જીવંત કરવું (૨/૬૭–૭૩), મોમીનના હકીકી ઈબાદત અને તપસ્યા તથા મનને મારવા (નફસને કાબૂ કરવા)ના પરિણામ રૂપે પવિત્ર જીવનનો મોજીઝો જોવો, સફેદ હાથ (૭/૧૦૮), જ્ઞાનની–ઈલ્મની વિચારણા ફિકર અને અક્કલ–બુદ્ધિ રૂપી મોતીનું ઝળહળતું પરિણામ, તોફાન–પાણીનું પૂર, તીડ, જીવાત, દેડકા અને લોહી (૭/૧૩૩), રૂહાની વિનાશ અધોગતિ, તીડ,

(માથાના ટોલા) જૂ અને દેડકા જેવી નુકસાન પહોંચાડનાર અને ધિક્કારપાત્ર રૂહોનું પ્રગટ થવું (ઝહૂર), જ્ઞાનમાં શંકા–કુશંકાઓનું ભરાઇ જવું, લાઠી મારીને દરિયામાં સૂકો રસ્તો ઉત્પન્ન કરી દેવો (૨૦/૭૭), રૂહાનીયતના દરિયાના એક કિનારાથી બીજા કિનારા ઉપર કૌમ–(માનનારા મુરીદો)ને એ રીતે સહીસલામત ઉતારી દેવું કે રૂહાનીયત તેમને કોઇ ઇજા ન પહોંચાડી શકે, ફિરઔન અને તેની કૌમનું દરિયામાં ડૂબીને નાશ થઇ જવું (૨૦/૭૮), મૂસા (અ.સ.) અને હારૂન (અ.સ.)ના રૂહાનીયતના દરિયામાં કાફરોનો નાશ થઇ જવો, ફિરઔનની લાશનું દરિયામાંથી મળવું (૧૦/૫૨), (હાદીએ બરહક) સાચા માર્ગદર્શકના દુશ્મનનું રૂહાની રીતે મરી જવું પરંતુ શારીરિક રીતે લાશનું સમાન અર્થાત રૂહુલ ઇમાન વગર લોકોની સામે મોજૂદ રહેવું.

**સવાલ ૧૯ :** કાએનાત ક્યારથી મૌજૂદ છે ? અને જ્યારે તેનું અસ્તિત્વ નહોતું તો તે વખતે તેની શું સ્થિતિ હતી અથવા શું હતું ?

**જવાબ :** (અ) જ્યારે આપણે આ કાએનાતના ન હોવાની કલ્પના કરીએ છીએ, તો તેની સાથે સાથે જ "ક્યારે" અને "ક્યાં"નો સવાલ પણ ખલાસ થઇ જાય છે. કેમકે "ક્યારે"નું મૂળ ઝમાન એટલે કે સમય ઉપર રહેલું છે; અને "ક્યાં"નો આધાર મકાન અર્થાત જગ્યા પર છે. મતલબ કે

Institute for Spiritual Wisdom Luminous Science
Knowledge for a united humanity

મકાન અને તેની આજુબાજુનો વિસ્તાર પોતે આ જગત છે અને ઝમાન એટલે સમય તેના (જગતના) પરિભ્રમણ–ચક્રગતિનું નામ છે; અને સૂર્ય પણ મકાનનો એક ઉજ્જ્વળ–પ્રકાશિત ભાગ છે. એ મુજબ આ કલ્પનાના પરિણામે કાએનાતની કોઇ પણ ભૌતિક છબી–રૂપ કે સ્થિતિ નથી હોઇ શક્તી, કેમકે "કાયન" (થવાવાળું યા બનવાવાળું) "કોન"ના મૂળથી છે અને કાએનાત "કાયન"નું બહુવચન છે, તો હવે જો કાએનાત (બનવાવાળી વસ્તુઓ) નથી, તો કંઇ પણ નથી હોઇ શક્તું.

(બ) મારો એક લેખ "તસવ્વુરે આફરીનીશ" (સૃષ્ટિની કલ્પના)ને વાંચી જાઓ. સૃષ્ટિની–ઉત્પત્તિની કલ્પના કંઇ લીટી (લાઇન) જેવી નથી, બલ્કે વર્તુળની ઉપમા સમી છે કે જેનો ન તો કોઇ આરંભ છે અને ન કોઇ અંત, બલ્કે ખુદા હંમેશા કાએનાતની ઉત્પત્તિ કરતો રહે છે.

**સવાલ ૨૦ :** જે ઉચ્ચ પ્રગતિ કરેલ રૂહોને ફરિશ્તા કહેવામાં આવે છે, તો પછી તેઓને પહેલેથીજ નામોનું જ્ઞાન શા માટે નહોતું આપવામાં આવ્યું ? તેઓ હઝરત આદમ (અ.સ.)થી જ્ઞાન મેળવવાના મોહતાજ શા માટે થયા ?

**જવાબ :** એ યાદ રહે કે ફરિશ્તાઓ અથવા મલાયકો બે પ્રકારના હોય છે. વિશ્વવ્યાપી અથવા સામાન્ય (જલાલી); અને જમાલી એટલે કે ખાસ અથવા વ્યક્તિગત કે શરીરના.

તમોએ પહેલા પ્રકારના ફરિશ્તાઓ સંબંધે સવાલ ઉઠાવ્યો છે, જ્યારે કે વ્યક્તિગત ફરિશ્તાઓની વાત તેનાથી જુદી છે. દાખલા તરીકે જાણે કે તમો અસંખ્ય આદમોમાંથી એક આદમ છો, તો દુનિયા ભરના લોકો રૂહાની રજકણોની પેઠે તમારા સંતાન બનીને તમારામાં દાખલ થઇ જશે. હવે એજ ઝીણા કણો તમારા વ્યક્તિગત ફરિશ્તાઓ પણ છે, જેમને ખુદાના હુકમથી તમારી રૂહાનીયતમાં ઇસ્મે આઝમ મારફત નામોનું જ્ઞાન શીખવવામાં આવશે.

**સવાલ ૨૧ :** 'નહેરે કૌસર' અને 'નહેરે તસ્નીમ'નો શું હેતુ છે ?

**જવાબ :** કૌસરની તાવીલ છે અસાસ રસૂલ (સ.અ.સ.)ના વસી અર્થાત અલી (અ.સ.) છે કે જે અસંખ્ય બાળકો ધરાવનાર પણ છે અને પુષ્કળ ભલાઇ રાખનારા પુરૂષ છે. અર્થાત કૌસર મૌલા અલી (અ.સ.)નો રૂહાની અને બાતિની મરતબો છે, જેમાં સઘળી નેકીઓ અને બધી હિકમતો એકઠી થયેલી છે; અને તસ્નીમ રૂહાનીયતની અત્યંત ઊંચાઇ ઉપર સંપૂર્ણ શબ્દ સ્વરૂપે જ્ઞાન અને હિકમતનું એક એવું મૂળ –ઉત્પત્તિસ્થાન છે, જેને સર્જનહારનો શબ્દ કહેવામાં આવે છે.

**સવાલ ૨૨ :** સુરહ બારહ (સુરહ તૌબા)ની તબ્લીગ (ફેલાવા) માટે એમ કહેવામાં આવે છે કે હઝરત રસૂલ (સ.અ.સ.)એ પહેલાં અબૂબકરને તબ્લીગના માટે મોકલ્યા,

પણ ખુદાના તરફથી હુકમ થયો કે આ સુરહની તબ્લીગના હક્કદાર મૌલા મુર્તઝા અલી (અ.સ.) છે. શું આ રિવાયત બરાબર છે ? કારણ કે પયગમ્બરે બરહક (અ.સ.) કોઇ બાબતથી અજ્ઞાન તો નહોતા હોતા.

**જવાબ :** આ બાબત ઐતિહાસિક પ્રકારની છે, માટે આ વસ્તુની શોધ તમો કોઇ ખાતરીવાળા પુસ્તક દ્વારા કરો.

**સવાલ ૨૩ :** ખુદાવંદ તઆલાએ હઝરત મૂસા (અ.સ.)ને ચમત્કારી લાકડી અર્પણ કરી હતી, જે જમીન પર નાખવાથી (અઝદહા) સર્પ બની જતી હતી, તો આ વસ્તુનો કુરાનમાં સર્પની ઉપમા દઈને શા માટે ઉલ્લેખ કરવામાં આવ્યો છે; જ્યારે કે સર્પ જાહેરી પ્રકારે કોઇ સારી બાબતને રજૂ નથી કરતો ? આની પાછળ શું હિકમત છુપાયેલી છે ?

**જવાબ :** યાદ રહે કે મોજીઝાનાં બે પાસાં હોય છે. એક તરફ રહેમત–દયા અને બીજી બાજુ ક્રોધ–ગઝબ હોય છે. રહેમતને તો સુંદર અને આનંદદાયક હોવું જ છે; અને ક્રોધને તેનાથી વિરુદ્ધ હોવું જોઇએ. દરેક મહાન પયગમ્બર ખુદા તરફથી ખુશખબરી દેનાર અને ચેતવણી આપનાર એમ બંને હોય છે. ચેતવણી આપવાની બાબતમાં (ડરાવવાના વિષયમાં) સર્પ જેવી ઉપમા યોગ્ય છે. અંબિયાઓ અને ઈમામો અલૈહીમુસ્સલામની અંદર ઈસ્મે આઝમનું નૂર એ મોજીઝો છે, જે એક તરફથી ખુદાના મિત્રો–દોસ્તોની રૂહાની આબાદીનું,

રૂહાની પ્રગતિનું સાધન પણ છે; અને બીજી તરફથી તેના દુશ્મનોની બરબાદીનું કારણ પણ છે.

**સવાલ ૨૪ :** ફરિશ્તાઓમાં સંપૂર્ણપણે બુદ્ધિ અને જ્ઞાન હોય છે. તેઓમાં 'નફસે અમ્મારા' (મન) નથી હોતું, તો પછી અઝાઝીલ ફરિશ્તો શૈતાન કેમ બની ગયો ? કેમકે અભિમાન તો ફક્ત મન (નફસે અમ્મારા)ને લીધે આવવું જોઇતું હતું ?

**જવાબ :** સવાલ નં. ૨૦ના જવાબના હવાલાથી જણાવવાનું કે ફરિશ્તા બે પ્રકારના હોય છે. જમાલી અર્થાત શક્તિની મર્યાદાવાળા; અને જલાલી અર્થાત અમલ-કામની મર્યાદાવાળા અથવા વાસ્તવિક. હવે સામાન્ય માન્યતાથી હટીને સચ્ચાઇ-હકીકતના પ્રકાશમાં જોવામાં આવે, તો જે જીણ શૈતાન બની ગયો, તેમાં સ્પષ્ટપણે જણાઇ આવશે કે તે વાસ્તવિક ફરિશ્તો નહોતો. તે એક અજ્ઞાન અને નાદાન જીણ હતો, જેને લીધે તે હાદીએ બરહક યાને ખુદાનો દુશ્મન બની ગયો.

**સવાલ ૨૫ :** આસમાની વસ્તુઓ દાખલા તરીકે સૂર્ય, ચંદ્ર, સિતારાઓ, ગ્રહો વિગેરે શું છે ? શું તે આપણી ધરતી સમાન છે કે પછી પ્રગતિ પામેલ રૂહો છે ? શું તેમની પણ ઉમર નક્કી કરેલ હોય છે, જેમ કે કોઇ સિતારાનું ટૂટીને પડી જવું ?

**જવાબ :** સૂર્યની હસ્તી-તેનું અસ્તિત્વ-ચંદ્ર-

ISW Institute for Spiritual Wisdom Luminous Science Knowledge for a united humanity

સિતારાઓથી જુદું છે, કારણ કે તે કિરણોથી ભરપૂર તેજસ્વી વાયુનું તોફાન છે. (આ બાબતની ઊંડાણ તફસીરના માટે "મીઝાનુલ હકાઇક"ને તપાસી જુઓ.) ચંદ્ર અને જુદા જુદા સિતારાઓ આપણી ધરતી સમાન જુદી જુદી દુનિયાઓ છે. ઝીણા-સૂક્ષ્મ શરીરો અને રૂહાની જીંદગી સઘળા સિતારાઓ ઉપર મૌજૂદ છે. પરંતુ અત્યાર સુધી આ પૃથ્વી સિવાય અન્ય કોઇ ગ્રહ ઉપર ઘટ્ટ (લોહી માંસના બનેલ) શરીરના અસ્તિત્વનું કોઇ જ્ઞાન નથી. (એવી કોઇ બાબત જાણમાં નથી.) પ્રત્યેક સિતારાની એક એકંદર-સામૂહિક રૂહ પણ છે. "રૂહ ક્યા હૈ" એ પુસ્તકને જોઇ જાઓ. તે પ્રગતિ સાધેલ અને મોટી રૂહ છે. હા, સિતારાઓની ઉંમર હોય છે. (વયમર્યાદા હોય છે.) અર્થાત તે બને છે અને પોતાના સમય મુજબ લય થાય છે-નાશ પામે છે. પરંતુ જે બાબતને સામાન્ય રીતે સિતારાનું ટૂટી જવું કહેવામાં આવે છે તે કંઇક બીજી વસ્તુ છે.

**સવાલ ૨૬ :** કોઇ પણ નેક કાર્યના કરવા ટાણે ખુદાની રહેમત નાઝિલ થાય છે. આપણી અંદર આ વિષેની જાગૃતિ રૂહોની રજકણોથી થાય છે, અર્થાત નેક રૂહોની રજકણો મારફત; તો શું આપણી આજુબાજુ આ રૂહો દરેક વખતે મૌજૂદ રહેતી હોય છે ?

**જવાબ :** જી-હા, જે રીતે માછલીઓ સમુદ્રમાં રહેતી હોય છે તે મુજબ આપણે રૂહોની રજકણોના સમુદ્રમાં ડૂબેલા

છીએ. આપણામાં દર વખતે રૂહોનું આવવું–જવું થતું રહે છે. આપણી પોતાની રૂહ પણ અસંખ્ય રૂહો (રજકણો)નું સમૂહ છે; અને એ જ રીતે આપણામાં અલગ અલગ ઘણીબધી રૂહોના હોવામાં અત્યંત મહાન હિકમત છુપાયેલી છે.

**સવાલ ૨૭ :** કુરાનમાં ઘણી જગ્યાઓ ઉપર **(Coded)** સાંકેતિક અક્ષરો આવેલા છે, જેને "હુરૂફે મુક્તીઆત" કહેવામાં આવે છે, જેમ કે અલમ, અલીફ લામ મીમ રા, અલીફ લામ મીમ સ્વાદ, તાહા, યાસીન વિગેરે. તેનો અર્થ શું છે ? અને તેમને સંકેતમાં રાખવાનો શું ભેદ છે ?

**જવાબ :** આ અક્ષરોમાં ખુદા તઆલાના મોટા મોટા ભેદો છુપાયેલા છે. દાખલા તરીકે અલીફ, લામ, મીમ : કલમ (દિવ્ય કલમ અથવા સર્વવ્યાપી બુદ્ધિ) લોહ (સુરક્ષિત તખ્તી–સર્વવ્યાપી રૂહ) મીદાદ, શાહી **(Ink)** (અક્લે કુલ્લ, નફસે કુલ્લ, મખ્લૂકાત) જે ખુદાનું અમલી પુસ્તક છે. અલીફ, લામ, મીમ, રે = કલમ, લોહ, મીદાદ, રકીમ. અર્થાત અક્લે કુલ્લ, નફસે કુલ્લ, જાહેર મખ્લૂક, બાતિન મખ્લૂક વિગેરે. આને ગુપ્ત ભેદમાં રાખવાનો હેતુ એ છે કે તેનો ફાયદો ખાસને મળે. જેમ કે કુરાનમાં બીજી પણ એવી બાબત–રીત છે, જે મુજબ ખુદા પોતાના ભેદોને ફક્ત ખાસ બંદાઓ ઉપર જાહેર કરવા ઇચ્છે છે.

**સવાલ ૨૮ :** કોઇ પાગલ–ગાંડાની રૂહ શરીરમાં કેવી રીતે અર્થાત કેવી હાલત અને સ્થિતિમાં હોય છે ?

**જવાબ :** જે રીતે જાહેરમાં તે ગાંડા માણસની બોલ–ચાલ અને કાર્ય હોય છે, તે જ રીતે બાતિનમાં તેની રૂહની હરકતો હોય છે.

**સવાલ ૨૯ :** ખુદાવંદ તઆલાએ આલમે રૂહાનીયતમાં "અહ્દે અલસ્ત" (પોતાના હોવા વિષેનું વચન) કેવી રીતે લીધું હતું ?

**જવાબ :** યાદ રહે કે અલ્લાહ તઆલા પ્રત્યેક કામિલ ઇન્સાન (સંપૂર્ણ માનવી–પુરૂષોત્તમ)ની વ્યક્તિગત ક્યામત (રૂહાનીયત)માં રૂહોની રજકણોને હાજર કરીને તેમનાથી પૂછે છે : "અલસ્ત બી રબ્બેકુમ" (શું હું તમારો પરવરદિગાર નથી ?) અર્થાત સઘળા આદમ (અ.સ.)ના વંશજો (તેના પછી આવનાર)માંથી રૂહોને ઉઠાવીને ત્યાં લાવવામાં આવે છે, જ્યાં કોઇ કામિલ ઇન્સાનમાં બધા રૂહાની બનાવોને અમલી રીતે જાહેરમાં દેખાડવામાં આવતા હોય; તો આ રીતે આ અમલ એક વેળાનો બનાવ નથી, પરંતુ હંમેશાં રૂહાની ચમત્કારો (મોજીઝાઓ)ની સાથે તેના સંબંધમાં બનતો રહે છે.

**સવાલ ૩૦ :** પવિત્ર રૂહોની રજકણો સુગંધના સ્વરૂપમાં કેમ હોય છે ?

**જવાબ :** રૂહોની રજકણોનો હેતુ સર્વે વસ્તુઓથી છે.

અર્થાત દરેક વસ્તુઓની રૂહ હોય છે, તે જ રીતે સુગંધની રૂહ છે. એટલે કે ગુલાબની રૂહમાં ગુલાબની સુગંધ છે અને ચંબેલીની રૂહમાં ચંબેલીની સુગંધ. આનો એવો અર્થ થયો કે રૂહાની જગતમાં દરેક વસ્તુની રૂહ છે. એટલે સુધી કે પથ્થર અને લોખંડની પણ રૂહ છે. આ રૂહોને તમો રૂહાની બી (બીજ) પણ કહી શકો છો. એ મુજબ જ્યારે તમારી પાસે કસ્તુરીની રૂહ આવશે, તો તેમાંથી કસ્તુરીની સુગંધ આવશે; જ્યારે કોઇ ફૂલની રૂહ આવશે, તો તે વખતે તે ફૂલની સુગંધ આવશે.

**સવાલ ૩૧ :** સહીફાઓ અને આસમાની પુસ્તકો વચ્ચે શું તફાવત છે ?

**જવાબ :** આ બન્નેના આસમાની હોવામાં કોઇ તફાવત નથી. તફાવત ફક્ત એ વાતનો છે કે સહીફાનો અર્થ છે પાનું (વરક), જેનું બહુવચન સુહૂફ એટલે કે પાનાઓ થાય છે; અને પુસ્તકનો અર્થ થાય છે એક સંપૂર્ણ પુસ્તક. આમાં એક તાવીલ પણ સમાયેલી છે. તે એ છે કે સહીફાનો હેતુ છે રૂહાની પાનું. દરેક વસ્તુના ફેલાયેલા ભાગને સહીફા કહે છે. માટે જે રીતે બાતિનમાં રૂહાનીયત ફેલાયેલી હોય છે તે મુજબ આ પાનાઓ. સહીફા એ વસ્તુ છે કે જે લખાયેલા કે પુસ્તકના સ્વરૂપમાં લોકોની સામે લાવવામાં નથી આવ્યા; અને પુસ્તક એ છે કે જે રૂહાનીયતના વિભાગોથી–રૂહાનીયતનાં

પગથિયાઓથી થઈને (સહીફા) પાનાઓથી પુસ્તકના સ્વરૂપમાં આવી ચૂક્યું હોય; અને આ સિદ્ધાંત એ માટે જરૂરી છે કે પ્રત્યેક પયગમ્બર "સાહેબે રૂહાનીયત" અર્થાત પાનાઓ (સહીફા) ધરાવનાર હોય છે. પરંતુ અમુક જ પયગમ્બરો "સાહેબે કિતાબ" અર્થાત પુસ્તક ધરાવનારા હોય છે. મતલબ કે રૂહાનીયત તો દરેક પયગમ્બરની હોય છે. પરંતુ તેમાંથી ફક્ત અમુકની જ રૂહાનીયત પુસ્તકના સ્વરૂપમાં લોકોની સામે આવી શકે છે.

**સવાલ ૩૨ :** ખુદાવંદ તઆલાએ હઝરત ઈબ્રાહીમ (અ.સ.)ને ચાર પક્ષીઓની કુરબાનીનો હુકમ (આદેશ) દીધો કે જેઓ નફસ હેઠળ આવે છે (અર્થાત કૂકડો, મોર, બતક અને કાગડો), પણ બીજી બાજુએ રૂહાની જગતમાં રૂહોની રજકણોને પણ પક્ષીઓ સાથે સરખાવવામાં આવ્યાં છે, આનું શું કારણ છે ?

**જવાબ :** આનું કારણ તદ્દન સ્પષ્ટ છે કે પક્ષીઓનો તાવીલી અર્થ છે રૂહો. કેમકે પક્ષીઓ સારા અને નરસા બે પ્રકારનાં હોય છે, જેની તાવીલ એમ થઈ કે રૂહો સારી પણ છે અને નરસી પણ. હવે ઈબ્રાહીમ (અ.સ.)ના ચાર પક્ષીઓની કુરબાનીની તાવીલ એ છે કે તેમણે નફસના રજકણોમાંથી ચાર (જે તાવીલની ભાષામાં ચાર પક્ષીઓ કહેવાય છે)ને ઝુબેહ કરી દીધા–કુરબાન કરી દીધા, જેથી ખુદા

તઆલા તેઓને ઉત્તમ સ્વરૂપમાં જીવંત કરી દયે.

**સવાલ ૩૩ :** અમુક અંબિયાઓ ઉપર જે આસમાની પુસ્તકો નાઝિલ થયાં, તેમનાં નામોની પાછળ શું કારણ છે ? જેમ કે તૌરેત, ઝબૂર, ઈન્જીલ અને કુરઆન. શું દરેક અંબિયા ઉપર પુસ્તકો નાઝિલ નથી થયાં ? એ કેમ શક્ય છે ?

**જવાબ :** કહે છે કે તોરા (તૌરેત) "વરી"નું મૂળ છે, જેનો અર્થ થાય છે અગ્નિને પ્રકાશિત કરવી. કેમ કે આ પુસ્તકમા બની ઈસરાઈલના માટે માર્ગદર્શનનો પ્રકાશ હતો, માટે તેને તૌરેત કહેવામાં આવ્યું. ઝબૂર "ઝબર"થી નીકળ્યું છે. તેનો અર્થ (મઝબૂર) લખેલી એમ થાય છે. ઈન્જીલ ગ્રીક શબ્દ ઈવેન્જલીયન (Evangelion) થી છે, જેનો અર્થ છે ખુશખબરી; અને કુરાનનો અર્થ છે વાંચવું (રટણ કરવું). કારણ કે આ ઈસ્મે આઝમના વાંચન-રટણ કરવાથી નાઝિલ થયું, જેથી જાહેરીમાં પણ તે વાંચવામાં આવે છે. સવાલના બાકી ભાગ માટે નંબર ૩૧ને જુઓ. ૧૦૦ સવાલ (ભાગ ચોથા)માં "આસમાની પુસ્તકો"ના વિષયને પણ વાંચી જુઓ.

**સવાલ ૩૪ :** એક લાખ ચોવીસ હજાર પયગમ્બરો થઈ ગયા છે...

**જવાબ :** તમારો આ સવાલ અસ્પષ્ટ છે અને ન સમજાય તેવો છે, ફરી વાર સમજણ સાથે-વિસ્તારથી લખો.

**સવાલ ૩૫ :** નૂરે ઈમામત અઝલથી મૌજૂદ હતું કે નૂરે

નબુવ્વત ?

**જવાબ :** નૂર એક જ છે. તેમાં પહેલાં અને પછી હોવાનો કોઇ સવાલ નથી. આ નૂરની જુદી જુદી ઝહુરાત અને જાહેરી તથા બાતિની પાસાઓ હોય છે. નૂર હંમેશથી પોતાના ઉચ્ચતમ મૂળ અસલમાંથી એક જ છે.

**સવાલ ૩૬ :** .................. ?

જવાબ : **સવાલનો** સાર એ છે કે હઝરત મોહમ્મદ (સ.અ.સ.)ને ઇસ્મે આઝમનું શિક્ષણ કોણે આપ્યું ? જેનો જવાબ છે કે "ઇમામે મુકીમ"એ આ શિક્ષણ આપ્યું; અને આપ હઝરત (સ.અ.સ.)ના માટે ઇમામે મુકીમ હઝરત અબુ તાલીબ અલૈહિસ્સલામ હતા. જે મહાન ઇમામ કોઇ નાતિક પયગમ્બરની ઇલ્મી દેખભાળ કરે છે તે ઇમામે મુકીમ કહેવાય છે. એ માટે તપાસો પુસ્તક "અલ ઇમામત ફીલ ઇસ્લામ".

**સવાલ ૩૭ :** જનાઝા નમાઝ અને ઇદ નમાઝની શું હકીકત છે ? શું આનો ઉલ્લેખ કુરાન પાકમાં મૌજૂદ છે ?

**જવાબ :** કોઇ વસ્તુની હકીકતનો અર્થ છે તે વસ્તુની અસલીયત–મૂળ તત્ત્વ, તેનું મગજ અને સાર; તો જનાઝા નમાઝ અને બંને ઇદની નમાઝો સિવાય અન્ય સઘળી નમાઝોનો સાર–તત્ત્વ પણ તેની તાવીલ છે, જે માટે તમો પુસ્તક "વજહે–દીન"ને વાંચી શકો છો. ઇસ્લામ મઝહબના સઘળા કહેવા અને કરવાની તાવીલો છે, જે ફક્ત એક જ

કેન્દ્રને જાહેર કરે છે અને તે કેન્દ્રથી જ સંબંધ રાખે છે–જોડાયેલી છે. હા, જનાઝા નમાઝ તથા બંને ઈદોની નમાઝનો ટૂંક સાર અથવા ઈશારો કુરાનમાં મૌજૂદ છે.

**સવાલ ૩૮ :** હદીસોના કેટલા પ્રકાર છે; અને તેઓમાં શું તફાવત છે ?

**જવાબ :** તમારા આ સવાલની જરૂરિયાત એ છે કે "હદીસના જ્ઞાન"નો એક ખુલાસો રજૂ કરવામાં આવે, પણ એ કામ ઘણું લાંબું છે, માટે "ઈલ્મે હદીસ"ના કોઈ પુસ્તકને નજર સામે રાખો.

**સવાલ ૩૯ :** કુરાને કરીમ ૨૩ વર્ષના ગાળામાં સંપૂર્ણ થયું...

**જવાબ :** જ્યાં અને જ્યારે કુરાને હકીમ રૂહાની પ્રકારે ઈમામે ઝમાન સાથે અને આપ (નબી સાહેબ સ.અ.સ.) કુરઆન સાથે સંકળાયેલ છે, ત્યાં અને ત્યારે દરેક પ્રકારે પૂરું અને સંપૂર્ણ છે, તો પછી કુરાનના પૂર્ણ હોવા વિષે કોઈ સવાલ નહી ઉઠાવવો જોઈએ. આપણા આ દૃષ્ટિકોણની સાબિતી રસૂલે અકરમ (સ.અ.સ.)નું એ મુબારક ફરમાન છે, જેમાં તેઓએ (અ.સ.) પછી ઉમ્મતના માર્ગદર્શન–હિદાયતના માટે બે ભારી વસ્તુઓ મૌજૂદ હોવાનો ઉલ્લેખ છે; અને જો હદીસે સકલૈન ન હોત તો કોઈ સવાલ ઉદ્દ્ભવી શકત.

**સવાલ ૪૦ :** ગીનાનો અને ઈમામના ફરમાનમાં...

**જવાબ :** તમોએ કોઈ હવાલો નથી ટાંક્યો કે જેથી



Institute for Spiritual Wisdom and Luminous Science
Knowledge for a united humanity

તેની ઊંડી હકીકત સુધી પહોંચવા માટે પ્રયત્ન કરવામાં આવે. તેમ છતાં પણ સવાલ રૂહના વર્તુળ સંબંધે છે, જેને સમજવાના માટે ઉચ્ચ જ્ઞાનની જરૂરત છે. દાખલા તરીકે પાણીનો એક ઝરો કે જે સમુદ્ર છે, તે પોતાના સ્થાન ઉપર સ્થિર ઊભેલો પણ છે; અને સાથે સાથે એક પ્રકારે પોતાના વર્તુળ પર ફરી પણ રહ્યો છે; એ જ સ્થિતિ રૂહની પણ છે કે તે પોતાના અસલ-મૂળ ઝરા તરીકેના સ્વરૂપે ખુદાના હુકમ મુજબ ચાલી રહેલ જગતમાં હંમેશાં હંમેશાંના માટે કાયમ છે. પરંતુ તે ખાસ રૂહ સ્વરૂપે હંમેશાં દુનિયામાં આવતી રહે છે. એનો ખુલાસો એ થયો કે રૂહ એક તો પોતે છે અને એક તેનો પડછાયો. તે પોતે ખુદાના આ જગતમાં હંમેશાને માટે સ્થિર રહેલ છે. પરંતુ તેનો પડછાયો આ જગતમાં અસંખ્ય વખત આવતો રહે છે. "રૂહ શું છે ?" નામના પુસ્તકમાં જુઓ, તો જણાશે કે રૂહ સ્થાપિત થયેલ પણ છે અને નીમેલ પણ (મુસ્તકર પણ છે અને મુસ્તવદા પણ). અર્થાત અસલ જે છે તે સ્થાપિત થયેલ અને પડછાયો નીમેલ.

**—નસીરૂદ્દીન 'નસીર' હુંઝાઈ**
લંડન, તા. ૭-૭-૮૩

ગુજરાતી અનુવાદ :
**અકબર હબીબ રાજન**
કરાચી, તા. ૨૩-૬-૯૧
(૧૦ ઝીલહજ, ૧૪૧૧)

# YAAD-GAAR

50
PAC̄AAS-SAALAH
(NISF --- SADI)
(1940-1990)

# "BURUŚASKI"

ZABAAN--KII
QHIDMET